પ્રાંતિજના ધડી ગામે લોક ગીતો તથા શૌર્યગીતોનો લોક ડાયરો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડી ગામે લોક ડાયરો યોજાયો. પ્રાંતિજ ના ધડી ગામમા શકુંત વિવિધલક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશ ભક્તિ ના ગીતો અને શૌર્ય ગીતોનો લોક ડાયરો યોજાયો હતો જેમા ઈડર ના સાહિત્યકાર જયદિપદાન ગઢવીની ટીમ દ્વારા ગ્રામજનોને મનોરંજન પુરૂ પાડયુ હતુ તો આ પ્રસંગે ગામ ના સરપંચ અને સંસ્થાના પ્રમુખ બીપીનભાઈ પટેલ દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

પ્રાંતિજ-તલોદ ખાતે બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા ચોપડાનુ વિતરણ કરવામા આવ્યુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ ખાતે બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા સમાજ ના જરૂરિયાત વિધાર્થીઓને નિઃશુલ્ક ચોપડા નુ વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ખાતે કાર્યરત બ્રિલિયન્ટ યુવક મંડળ દ્વારા પ્રાંતિજ અને તલોદ તાલુકાના વણકર સમાજ ના આર્થિક રીતે જરૂરિયાત મંદ વિધાર્થીઓને નિઃશુલ્ક ચોપડાનુ વિતરણ કરવામા આવ્યુ હતુ જેમા વિધાર્થીઓમા એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો જયારે સમાજ ના દાતાઓ દ્વારા દાન થકી સહયોગ પુરો પાડયો હતો.

એક બાજુ વરસાદ નથી તો બીજી બાજુ પાણીનો વેડફાટ

અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના એક બેડા માટે મહિલાઓ બે થી ત્રણ કિલોમીટર રઝળપાટ કરે ત્યારે માંડ માંડ પીવાના પાણીનો જુગાડ કરી રહી છે પાણી ની અછત વાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા એસકે-૨ અને ૩ યોજના અને વાસ્મો યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે અને પાઈપલાઈન પર સંપ લગાડવામાં આવ્યા છે પાણી પુરવઠાની બેદરકારીના પગલે જિલ્લામાં પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં અનેક વાર ભંગાણ સર્જાતા હજજારો લીટર પાણી નો વ્યય થઈ રહ્યો છે બીજીબાજુ પાણી વગર અનેક ગામો ઉનાળામાં ટળવળટા જોવા મળે છે. શામળાજી નજીક આવેલા શામળપુર ગામ નજીક આવેલી સમ્રાટ હોટલ સામેથી પસાર થતી પાણી પુરવઠા તંત્રની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીની નદીઓ વહી હતી લાખ્ખો લીટર પાણીનો વ્યય થતા પાણી ની નદીઓ વહેતા પ્રજાજનો અને ખેડૂતોમાં જવાબદાર તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો. બીજીબાજુ પાઈપલાઈનમાં થયેલ લીકેજ અંગે તંત્ર અજાણ હોય તેમ બે દિવસથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે

પ્રી મોન્સૂનના તાયફા કરતી મોડાસા પાલિકાની ગટર સાફ-સફાઈ કરતી એજન્સી સામે લાલ આંખ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઘણાં સમયથી ગટર સાફ-સફાઈ કરતી એજન્સી માત્ર નાટક કરીને લોકોના પૈસાનો વેડફાટ કરતી હોવાની જાણકારી સામે આવી અને પુરાવા મેઘરજાએ જાહેર કર્યા અને તે પણ પ્રથમ વરસાદે, જેથી પાલિકાની પોલ છતી થતાં હવે એજન્સી સામે પાલિકા કડક કાર્યવાહી કરી શકે છે. મોડાસા નગર પાલિકા ચિફ ઓફિસર સંજય પંડ્યાએ જણાવ્યું કે, પાલિકાએ એજન્સીને હજુ ચુકવણુ કર્યું નથી અને પાલિકાની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે ત્યારબાદ જ એજન્સીને ચુકવણી કરવામાં આવશે. એટલુ જ નહીં શહેરીજનો અથવા તો મીડિયાની ટીમને પણ બોલાવવામાં આવશે ત્યારબાદ જ ચુકવણી કરવામાં આવશે તેવું ચિફ ઓફિસરે જણાવ્યુ હતું. જો ઉણપ જણાશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, જરૂર પડ્યે એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની પણ કાર્યવાહી પાલિકા દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ઘણાં સમયથી એક જ એજન્સી દ્વારા મોડાસા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ગટર સાફ-સફાઈના નામે એજન્સી દ્વારા તાયફા કરીને લોકોના ટેક્સના પૈસે તાગડધિન્ના કરતી હતી, પણ આ વર્ષે લોકો જાગૃત થયા છે અને એજન્સીની પોલ મીડિયાએ ખોલી નાખતા એજન્સીના પગતળેથી જમીન સરકી ગઈ છે. સમગ્ર ગટર સાફ-સફાના નામે માત્ર તાયફા કરવામાં આવતા હોવાથી ચિફ ઓફિસર સંજય પંડ્યાએ મીડિયા સાથે કડક કાર્યવાહી કરવાની પણ બાંયધરી આપી છે.

સાબરકાંઠા-અરવલ્લીના વન વિસ્તારમાં ફળ આપતા વૃક્ષો ઉછેરાય તો અનેક કુટુંબોને રોજગારી મળવાની શક્યતા

વન વિસ્તારોમાં તંત્ર રસ દાખવે તો વિકાસની સંભાવનાઓ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મોટા ભાગના તાલુકાઓમાં રોજગારી પૂરી પાડતા ઉદ્યોગ ગૃહોની ઓછી સંખ્યાથી જિલ્લાના હજારો કુટુંબોએ રોજગારી મેળવવા માટે દરબદર ભટકવું પડતુ હોય છે. તો તેની બીજી તરફ જિલ્લાના કેટલાય તાલુકાઓમાં કુદરતે છૂટા હાથે વન વિસ્તાર સ્વરૂપે કુદરતી સંપત્તિ બક્ષી છે પરંતુ તેનો કેટલાક વિસ્તારોમાં યોગ્ય દિશામાં ઉપયોગ ન થતાં વનો માત્ર ને માત્ર કાંટા, બાવળોના ઝૂંડ સ્વરૂપે પ્રજાની નજરો સમક્ષ ઉભરતાં હોય છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વન વિભાગ દ્વારા ગામડાંની સીમ નજીકના વન વિસ્તારમાં જો ફળ આપતા વૃક્ષોનો ઉછેર કરી રોજગારી વિહોણા કુટુંબોને તેની માવજત સાંપાય તો કેટલાંય રોજગારી વિહોણાં કુટુંબોને વૃક્ષોની આવકમાંથી રોજગારી મળવાની અનેક શક્યતાઓ ઉભરી રહી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મોટા ભાગના તાલુકાઓમાં કુદરતે છૂટા હાથે અફાટ કુદરતી સંપત્તિ અર્પી છે ત્યારે આ કુદરતી સંપત્તિની જાળવણી અર્થે અને કુદરતી સંપત્તિ કેટલાય રોજગારી વિહોણા કુટુંબો માટે આજીવિકાનું સાધન બની રહે તેમ છે. ત્યારે જિલ્લાનું વન વિભાગ ગામ નજીકના વન વિસ્તારમાં આંબળા, ચીકુ, રાયણ, બોરડી જેવાં ફળો આપતાં વૃક્ષોનો ઉછેર કરી તેનું જતન પણ ગામડાંના રોજગારી વિહોણા કુટુંબોને સોંપે તો જિલ્લાના વન વિસ્તારમાં ઉંચી જાતના ફળોનું ઉત્પાદન શક્ય બને તેમ છે. અને તેની સાથે કેટલાય કુટુંબોને રોજગારી મળી રહેવાની પ્રબળ શક્યતાઓ છે. જો કે, જિલ્લાના કેટલાક વન વિસ્તારોમાં આડેધડ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે ત્યારે ગ્રામ્ય સ્તરે ગામડાંની સીમ નજીકના વન વિસ્તારમાં વન ખાતુ ફળ આપતાં વૃક્ષોના ઉછેર બાબતે જાગૃત બને તો વૃક્ષોના આડેધડ થતા નિકંદનના પ્રમાણમાં પણ ઘટાડો થઈ શકે તેમ છે. ત્યારે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ટીંમરૂ પાન જે રીતે આદિવાસી વિસ્તારોમાં રોજગારી મેળવવાનું સાધન બન્યાં છે તે જ રીતે વન વિભાગ દ્વારા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં પ્રયોગ ખાતર ગામડાંની નજીકના વિસ્તારમાં ફળ આપતા વૃક્ષોનો ઉછેર કરી નવી રોજગારીની તકો ઉભી કરવા પ્રયાસ કરાય તો અનેક કુટુંબોને રોજગારી તરફ વાળી શકાય તેમ છે.

જલોતરા નજીક ગુરુના ભાંખરે લોટ કરવા શ્રધ્ધાળુ ઓનું કીડીયારું ઉભરાયું

લોકોમાં ઉંચા પહાડ પર આવેલ દૂધળીમલ મહારાજના મંદિરે લોટ કરવાની પરંપરા

પાલનપુર તા. ૨૦

બનાસકાંઠા જિલ્લા માં અરવલ્લી ની ગિરિમાળા ઓમાં અનેક પૌરાણિક મંદિરો આવેલા છે જેમાં જલોતરા નજીક આવેલ ઉંચા પર્વત પર દૂધળીમલ મહારાજનું પૌરાણિક અને ચમત્કારિક મંદિર આવેલું છે. લોકોમાં અહીં ગુરુમહારાજ નો લોટ કરવાની અનોખી પરંપરા રહેલી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

વડગામ તાલુકાના જલોતરા નજીક ઊંચા પહાડો વચ્ચે પાણીયારી આશ્રમ આવેલ છે. તેના ઉપર ગુરુ પર્વત છે ત્યાં વર્ષો પુરાણુ ગુરુ ધુધળીમલ મહારાજ નું મંદિર આવેલું છે .

પહેલા પર્વત પર ચડવા સાંકળનો સહારો લેવો પડતો હતો...

ગુરુ પર્વત પર દૂધળીમલ મહારાજ નું મંદિર પર્વતના શિખર પર આવેલું છે વર્ષો પહેલા અહીં ચડવા માટે સિડી ની સગવડ ન હોઈ

લોકો શાંકળ ની મદદથી મંદિર સુધી પહોંચતા હતા. હાલ મંદિર જવા સિડી ની સગવડ કરાઈ હોઈ લોકોને પર્વત ચડવા સરળતા પડી રહી છે.

જોકે આ મંદિર પ્રત્યે આસ્થા ધરાવતા લાખો લોકો તેમના સંતાન ની તંદુરસ્તી અને સુખ શાંતિ માટે જેઠ માસમાં ગુરુ મહારાજ નો લોટ ની માનતા કરે છે .જેમાં જેઠ માસના પ્રથમ સોમવારે દૂર દૂર થી હજારોની સંખ્યામાં લોકો ગુરુ પર્વત પર માનતા કરવા ઉમટી પડતા અહીં શ્રધ્ધાળુ ઓનું કીડીયારું ઉભરાયું હતું.

જોકે હાલ ઉનાળા ની સિઝન ને લઈ આ ઊંચા પર્વત પર દિવસે ચડવું કઠિન હોઈ લોકો રાત્રે તેમજ વહેલી સવારે પર્વત પર ચડી જાય છે .અને માનતા પૂર્ણ કરી બાદ બપોર સુધીમાં નીચે ઉતરી જાય છે.

રાજ્યભરમાં કોરોનાના કેસો વધતા ધાનેરા પોલીસે લોકોને ગાઈડ લાઈનની સમજ આપી...

ધાનેરા તા.૨૦

ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર ડી વી ડોડીયા તેમજ તેમની ટીમ દ્વારા નેનાવા ચેકપોસ્ટ પર વાહનચાલકોને માસ્ક વિતરણ કરી કોરોના બાબતે ની ગાઈડલાઈન સમજાવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી .પરમાર નો અહેવાલ જણાવે છે કે, કોરોના એ ફરિવાર માથુ ઉચકયું હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે .ત્યારે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા પણ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. જેમાં જાહેર સ્થળો પર માસ્ક ફરજિયાત કર્યા છે. જેને લઈ આજે ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલી નેનાવા ચેકપોસ્ટ પર આજે ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી વી ડોડીયા તેમજ તેમની ટીમ દ્વારા રાજસ્થાન તરફથી આવતા વાહન ચાલકોને માસ્ક બાબતે સમજણ આપી હતી.

જિલ્લામાં ખેતીની જમીન ઉપર તાણી બાંધેલા ઉદ્યોગો ઉપર તવાઈ આવશે

ખેતીની જમીનમાં પરવાનગી વગર ચાલતા એકમો સામે લાલ આંખ : પર્યાવરણને નુકસાન થતું હોવાની ફરિયાદ બાદ તમામ જિલ્લામાં પગલાં ભરવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

પર્યાવરણને નુકસાન પહોંચાડતા ઔદ્યોગિક એકમો સામે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગે લાલ આંખ કરી છે. જેમાં ખેતીની જમીન ઉપર ધમધમતા ઉદ્યોગ ઉપર તવાઈ લાવવાની તૈયારીઓ થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક જમીન ઉપર ઔદ્યોગિક અને વાણિજ્ય પ્રવૃત્તિઓ થઈ રહી છે જેના કારણે હવે ખેતી સિવાય કોઈપણ હેતુ માટે જમીનનો ગેરકાયદે ઉપયોગ કરનારાઓ સામે તવાઈ આવી શકે છે. તમામ જિલ્લાઓમાં ખેતીની જમીન ઉપર ગેરકાયદે ચાલતી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ સામે પગલાં ભરવા માટે વન અને પર્યાવરણ વિભાગે સૂચના આપી છે.

ખેતીની જમીન ઉપર ગેરકાયદેસર ધમધમતા ઉદ્યોગોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે પર્યાવરણને અગણિત નુકસાન થઈ રહ્યાની વ્યાપક ફરિયાદો ઉઠતાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા તમામ જિલ્લા અને તાલુકામાં તપાસ કરવાની સાથે આવા ઉદ્યોગોને શોધી કાઢી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ખેતીની જમીનને બિનખેતી કરાવ્યા સિવાય અન્ય હેતુમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. સરકારના નિયમોનો ભંગ કરવામાં આવ્યો હોવા છતાં અત્યાર સુધી સ્થાનિક તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી પરંતુ હવે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગે ખેતીની જમીન ઉપર ધમધમતા ઉદ્યોગો ઉપર તવાઈ લાવવાની સૂચના આપી છે જેથી તેનો યોગ્ય રીતે જો પાલન થશે તો ખેતી વિષયક જમીનો પર ઔદ્યોગિક અને વાણિજ્ય પ્રવૃત્તિ સરકારની મંજૂરી વગર થતી હશે તો કસૂરવારો સામે કાયદેસરની કાર્યવાહી થશે તે દિવસો હવે દૂર નથી. તપાસ દરમ્યાન ખેતીની જમીનમાં કોઈ ગેરરીતી થતી જોવા મળશે તો તાત્કાલિક ધોરણે ઉદ્યોગોને બંધ કર્યા પછી ત્યાર પછી કાયદા અનુસાર કાર્યવાહી કરવા માટે તમામ જિલ્લા અને તાલુકાના તંત્રને સૂચના આપવામાં આવી છે. ખેતીની જમીન ઉપર ગેરકાયદે ઔદ્યોગિક એકમ શરુ થયા પછી કેટલાક કિસ્સાઓમાં વીજળી તેમજ પાણીના જોડાણ પણ ગેરકાયદેસર મેળવાયા હોવાનું રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના ધ્યાનમાં આવ્યા પછી આ સંબંધમાં કાર્યવાહી કરવા માટે તમામ સંબંધિત વિભાગોને જણાવવામાં આવ્યું છે.

રાજ્યભરમાં પેટ્રોલ-ડીઝલની તંગી... બનાસકાંઠાના ધાનેરામાં પણ લોકો માટે માથાનો દુખાવો...

ધાનેરા તા. ૨૦

એક તરફ ખેડૂતો ની સિઝન ચાલુ થઈ તો બીજી તરફ પેટ્રોલ-ડીઝલની તંગી ને લઈ ખેડૂત સહિત વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, તો બીજી તરફ પેટ્રોલ ડીઝલનો સ્ટોક ન હોવાના કારણે પેટ્રોલ પંપ સંચાલક પણ દિલગીરી વ્યક્ત કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી પેટ્રોલ-ડીઝલની કટોકટી ચાલી રહી છે પરંતુ છેલ્લા પાંચ દિવસની વાત કરવામાં આવે તો પાંચ દિવસમાં ધાનેરા વિસ્તારના ઘણા ખરા પેટ્રોલ પંપ બંધ ના બેનરો લાગી ચૂક્યા છે.

ત્યારે વાહન ચાલકોને પૂરતા પ્રમાણમાં પેટ્રોલ ડીઝલ ન મળતા વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ ખેડૂતોને ખેડવાની તેમજ વાવણી ની સિઝન શરૂ થઈ છે ત્યારે ખેડૂતોને પણ પૂરતા પ્રમાણમાં ડીઝલ ન મળતાં ખેતી કરવી મુશ્કેલ બની ગઈ છે. આજે નાયરા પેટ્રોલ પંપ પર ખેડૂતોની લાંબી લાઈન લાગેલી જોવા મળી હતી ખેડૂતો પણ ડીઝલ લેવા માટે આવ્યા હતા પરંતુ ખેડૂતોને પુરતા પ્રમાણમાં ડીઝલ ન મળતાં ખેડૂતોએ મુશ્કેલીમાં મુકાયા હતા તો બીજી તરફ ખેડૂતો તેમજ વાહન ચાલકોનો ઈમરજન્સી કામ ન અટવાય તે માટે કેટલાક પેટ્રોલ પંપના સંચાલકો દ્વારા પાંચસો રૂપિયા નું ડીઝલ તેમજ સો રૂપિયાનું પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે જેથી કરીને વાહન ચાલકોને પણ મુશ્કેલી ન પડે અને પેટ્રોલ પંપ સંચાલકો ના સંબંધો સચવાઈ રહે તે માટે ની કામગીરી કરવામાં આવી રહી છે ખેડૂતો તેમજ વાહન ચાલકોની માંગ છે કે તાત્કાલિક ધોરણે સરકાર આ બાબતે ધ્યાન આપે અને પેટ્રોલ ડિઝલની કટોકટી દૂર કરે.

સાબરકાંઠાના હિંમતનગરના ૬૨ વર્ષિય સાચા યોગ સાધક મહેંદ્રસિંહ રાજપુત



બાયડ તા.૨૦

આપણા ઋષિ-મુનિ યોગી હતા જેઓ પાણી પર ચાલી શક્તા અને કલાકો સુધી પાણીની અંદર રહી શક્તા આજે વિશ્વ યોગ દિને આપણે આવાજ એક વ્યક્તિની વાત કરવાના છીએ જે પાણીમાં યોગ કરે છે

જમીન પર યોગ તો બધા કરતા હોય છે પરંતુ પાણીમાં યોગ કદાચ તમને નવુ લાગશે હા... પાણીમાં યોગ. સાબરકાંઠાના હિંમતનગરના ૬૨ વર્ષિય મહેન્દ્રસિંહ રાજપુત સ્વીમીંગ પુલમાં પાણીમાં યોગ કરીને બધાને ચકિત કરી નાખે છે. તમામ પ્રકારના યોગ પાણીમાં કરે છે.

તા.૨૧ જૂન વિશ્વ યોગ દિવસ છે જેને લઈને વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી થાય છે ત્યારે આજે સાબરકાંઠા જીલ્લામાં પણ લાખો લોકો ઘરે બેઠા યોગ કરી રહ્યા છે. યોગથી શરીર અને મન મન પ્રફુલિત થાય છે. તમે કદાચ સાંભળ્યુ હશે કે પહેલાના જમાનામાં ઋષિમુનિઓ પાણીમાં યોગ કરતા હતા અને પાણીમાં ચાલતા હતા. આમ તો ખાસ કરીને લોકો જમીન પર, ગ્રાઉન્ડમાં કે ગાર્ડનમાં યોગ કરતા હોય છે. ત્યારે હિંમતનગરના મહેન્દ્રસિંહ રાજપુત પાણીમાં યોગ કરે છે

મહેંદ્રભાઈ જણાવે છે કે, હું બાળપણથી જ જમીન પર જ યોગ કરતો હતો, પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી હિંમતનગરમાં સ્વીમીંગ પુલ ચાલુ થયો ત્યારથી હું સ્વીમીંગ કરવા આવતો હતો. મેં દંતકથાઓ અને વાર્તાઓમાં સાંભળ્યુ હતુ કે આપના ઋષિઓ યોગ કરતા હતા. મને વિચાર આવ્યો કે હું પણ પાણીમાં યોગ કરૂ અને મે પાણીમાં યોગ કરવાનુ શરુ કર્યું. મને પાણીમાં યોગ કરવાથી મજા આવે છે અને મન પણ પ્રફુલિત થાય છે. મારી સાથે રહિને કેટલાક મિત્રો પાણીમાં યોગ કરતા શીખી ગયા છે.

આમ તો પાણીમાં યોગ કરવા એ થોડા કઠીન છે પરંતુ મહેન્દ્રસિંહ તેમના મિત્રોને પાણીમાં યોગ કરતા શીખવી રહ્યા છે. અનેક લોકો મહેંદ્રસિંહને યોગ કરતા જોતા જ રહી જાય છે કારણ કે કોઈપણ સપોર્ટ વિના પાણીમાં સીધા જ રહેવુ એ આમ તો અશક્ય છે. મહેન્દ્રસિંહ અને તેમના મિત્રો આ અશક્ય ને શક્ય કરવામાં સફળ નીવળ્યા છે અને કલાકો સુધી પાણીમાં રહીને આ યોગ કરી રહ્યા છે...

દુનિયામાં કંઈ પણ અશક્ય નથી તેવુ મહેન્દ્રસિંહ અને તેમના મિત્રોએ સાબિત કરી બતાવ્યુ છે. પાણીમાં કલાકો સુધી સ્થિત રહીને યોગ કરે છે. આ રીતે યોગ કરવાથી શારીરિક અને માનસિક આરોગ્ય સારુ રહે છે મન પ્રફુલિત્ત રહે છે. હાલ તો મહેન્દ્રસિંહની પ્રેરણા લઈને અનેક લોકો યોગ કરતા શીખી રહ્યા છે અને બાળકોને પણ મહેંદ્રસિંહ યોગ શીખવી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે અગ્નિપથનો વિરોધ કરતા અનિલ પટેલની પોલીસ દ્વારા અટકાયત કરી

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ અગ્નિપથ નો વિરોધ જોવા મલ્યો હતો જેમા વિરોધ કરી રહેલ અનિલ પટેલ ની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી હતી

સેનામા ભરતીની અગ્નિપથ યોજનાના વિરોધમાં ઠેરઠેર દેખાવો થઈ રહ્યા છે હિંસાની આગ બિહાર , ઉત્તરપ્રદેશ ,

રાજસ્થાન પછી તેલંગણા , પશ્ચિમ બંગાળ , ઓડિશા ,દિલ્હી સહિત ૧૩ રાજ્યોમાં પહોંચી છે ત્યારે ગુજરાત ના જામનગર અને સાબરકાંઠા માં પણ અગ્નિપથ નો વિરોધ ની આગ પહોંચી છે ત્યારે સાબરકાંઠા ના પ્રાંતિજ ખાતે પણ પાટીદાર આગેવાન અને કોંગ્રેસ કાર્યકર અનિલ પટેલ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે જઈ ને પોતાનો સર્ટ ઉતારી હાથમા પોસ્ટર સાથે સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાયો હતો જેમા ઈન્ડિયન આર્મી જીદાબાદ , ભારત સરકાર મુર્દાબાદ ના નારા સાથે વિરોધ કરી રહેલ અનિલ પટેલ ની પ્રાંતિજ પોલીસ દ્વારા ભાંખરીયા બસસ્ટેશન ખાતેથી અટકાયત કરવામા આવી હતી.

બાયડ બસ સ્ટેશનમાં વિદ્યાર્થીઓની આક્રોશ, અમદાવાદ-હેલોદર બસ રૂટ ૩ દિવસથી બંધ, સાંભળો વિદ્યાર્થીઓની વેદના

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં એસ.ટી.બસ સુવિધાને લઈને અનેકવાર લોકો પરેશાન થયા હતા અને

પરેશાન થઈ રહ્યા છે. ખાસ કરીને એડવાન્સ પેમેન્ટ ચુકવણી કરીને મુસાફરી કરતા વિદ્યાર્થીઓને હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બાયડ બસ સ્ટેશનમાં સોમવારનો દિવસે વિદ્યાર્થીઓના આક્રોશથી શરૂ થયો હતો. બસ સ્ટેશન ખાતે વિદ્યાર્થઈઓએ હોબાળો મચાવી દેતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ત્રણ દિવસથી બસ રૂટ બંધ કરવામાં આવતા વિદ્યાર્થીઓએ હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ સોમવારના દિવસે વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે જવા માટે બાયડ બસ સ્ટેશન પહોંચ્યા હતા જોકે અમદાવાદ-હેલોદર એસ.ટી. રૂટ બંધ હોવાની જાણ થતાં વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, છેલ્લા ત્રણ દિવસથી અમદાવાદ-હેલોદર એસ.ટી.રૂટ બંધ છે, જેથી મુસાફરો અને ખાસ કરીને એડવાન્સ ચુકવણુ કરીને મુસાફરી કરતા વિદ્યાર્થીઓ રઝડી પડ્યા હતા, જેને લઈને વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ તાત્કાલિક બંધ થયેલા રૂટને ચાલુ કરવાની ઉગ્ર માગ કરી હતી.